# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૯ અંક : ૨૩૭

પ્રમુખ
**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**
મો. ૯૩૯૧૦ ૧૨૯૬૯

માનદ્ મંત્રી
**પંકજ હીરજી સાવલા**
મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા
**દર્શના દિનેશ દેઢિયા**
ફોન. ૬૬૪૬ ૩૬૯૫,
મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક
**રમેશ મણીલાલ શાહ**
ફોન. ૨૪૭૫ ૧૮૭૫,
મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,
ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪૨૩૮૩
email : hydkmm@gmail.com
Web : www.kutchibhavanhyd.org

મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫
ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦
email :chandraprabhagraphics@gmail.com

કિંમત - રૂ. ૧/-

"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## પ્રમુખશ્રીનો સંદેશ

**કીર્તિકુમાર ટોકરશી કાપડિયા**

નાણાકીય નવું વર્ષ તમામ વ્યાપારી વર્ગને લાભદાયી નીવડે તેમજ શૈક્ષણીક વર્ષમાં તમામ વિદ્યાર્થીઓ પરિક્ષાઓમાં સફળતાના શિખરો સર કરે તેવી પ્રભુ પાસે પ્રાર્થના તથા શુભેચ્છા.

પહેલાં કદી થયું નથી, અને ફરીથી થવાનું નથી એવા શુભ કાર્યો કરવાને માટેની પોતાની તક ન લાવે એવો કોઈ દિવસ ઉગ્યો નથી. દરેક મનુષ્યમાં ખામી હોય છે. આપણે જુદા જુદા લોકોને મળી તેમનો અભ્યાસ કરીએ તે એક પ્રકારનું શિક્ષણ છે, જેને કારણે આપણી નિરિક્ષણ શક્તિ વધે છે, અને સમજણ શક્તિ સુધારી શકીએ છીએ. સ્વસ્થ શરીર, પ્રાણવાન આત્મા, મનોબળથી ભરપૂર સ્વરૂપ, જ્ઞાની, બુદ્ધીમાન ત્થા સમજદાર વ્યક્તિ બનવાનો સંકલ્પ કરશો તો જીવનમાં આવનારી મુશ્કેલીઓનો આપો આપ માર્ગ નીકળી આવશે.

નકારાત્મક મન એક સાકારાત્મક જીવન ક્યારેય ના આપી શકે. તમે જે નથી એના માટે પોતાની જાતને ધિક્કારવાનું બંધ કરી, તમે જે છો તેને ધીક્કારવાનું બંધ કરી તમે જે છો તેને માનવાનું શરૂ કરો. ઘણું મહત્વનું છે બીજાને ખુશ રાખવાનું પણ એ અતિ મહત્વનું છે કે તમે પહેલાં પોતાની જાતને ખુશ રાખો.

સફળતા જીવનમાં એક વખત દરવાજો ખટખટાવે છે જ્યારે તકલીફો અને મુસીબતો દિવસ-રાત વારંવાર હુમલો કરી શકે છે.

સારા મિત્રો આકાશમાં ચમકતા તારા જેવા છે. તમે હમેંશા તેમને જોઈ શક્તા નથી પરંતુ તમે જાણો છો કે એ હમેંશા તમારી સાથે છે.

**જીંદગી મેં મુસીબતે ચાય કે કપ મેં જમી મલાઈ કી તરહ હોતી હૈ**
**કામયાબ વો લોગ હૈ જિન્હેં મલાઈ કો**
**સાઈડ મે કર ચાય પીના આતા હૈ....**

ગત નાણાકીય વર્ષ દરમ્યાન સમાજમાં ઘણા જ ઉપયોગી કાર્યો થયા પરંતુ હજી ઘણું કરવાનું બાકી છે. ખાસ કરીને શિક્ષણ ક્ષેત્રે તેમજ મેડીકલ ક્ષેત્રે. દાતાઓના તન-મન-ધનના સહકારથી તેમજ મનોબળ થી આપણા લાડીલા સ્વર્ગસ્થ પમુખ ડાયગ્નોસ્ટીક સેન્ટર ખોલવાની અને આ કાર્યને મૂર્ત સ્વરૂપ આપવા ઈચ્છા દર્શાવી હતી. આશા છે કે સફળતા પ્રાપ્ત થશે.

હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો
**www.kutchibhavanhyd.org. http://www.asanjokutch.com**



## માનદમંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

નાણાકીય નવ વર્ષ પ્રારંભ થઈ ગયેલ છે, વિતેલા વર્ષની બેલેન્સશીટ તૈયાર થઈ રહેલ છે. વિતેલા વર્ષમાં ઘણા નવા સમાજ ઉપયોગી કાર્ય કરવામાં આવેલ. કારોબારી સમિતિનું બે વર્ષનું ટર્મ પણ પુર્ણતાના આરે છે, સૌ કોઈના સાથ અને સહકાર થકી ઘણા કાર્યો ને વેગ આપવામાં આવેલ છે. નવું નાણાકીય વર્ષ આપણા સમાજ માટે ઉન્નતિશીલ, પ્રગતિશીલ અને લાભદાયી બની રહે એવી મનોકામના.

આ માસ દરમ્યાન કારોબારી સમિતિની એક તથા ટ્રસ્ટબોર્ડ અને કારોબારી સમિતિની એક સંયુક્ત સભા યોજવામાં આવેલ.

મહાવીર જયંતિના દિવસે શ્રી જૈન સેવા સંઘ હૈદ્રાબાદ તરફથી આપણા મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ધનજીભાઈ લખમશી સાવલાને જૈન રત્ન એવોર્ડ અર્પણ કરવામાં આવેલ, સર્વ મેમ્બર પરિવાર વતિ એમને અભીનંદન.

ગેસ્ટ હાઉસ મધ્યે બે સેફ્ટી લોકર બેસાડવામાં આવેલ છે અને પ્રત્યેક રૂમમાં લોકર ઉપલબ્ધ છે જેનો ઉપયોગ સારી રીતે થઈ રહેલ છે.

હાલમાં પોલીસ અને જી.એચ.એમ.સી. ડીપાર્ટમેન્ટ તરફથી નવા કાનૂનો અને વિવિધ ગાઈડલાઈન્સ આવી રહેલ છે અને આ માટે ભવન બુકીંગ નિયમમાં થોડા બદલાવ અનિવાર્ય થઈ ગયેલ છે.

શાંતિ પ્રાયમરી સ્કુલ મધ્યે ધોરણ ૬ અને ૭ શરૂ કરવાના પ્રયત્ન ચાલુ છે.

આ માસ દરમ્યાન નીચે મુજબ બે સેફ્ટી લોકર ગેસ્ટ હાઉસ માટે અનૂદાન પ્રાપ્ત થયેલ છે.

૧) ચી. શ્રુતિનાં લગ્ન પ્રસંગે એક લોકર શ્રી હીતેન મણીલાલ સંઘોઈ પરિવાર તરફથી અને

૨) ચી. રોનક ના લગ્ન પ્રસંગે એક લોકર શ્રી જવેરચંદજી તેજરાજજી બરનોતા પરિવાર મુંબઈ તરફથી પ્રાપ્ત થયેલ છે

બન્ને પરિવારોનું હ્રદય પુર્વક આભાર.



## સંપાદકીય

સંપાદિકા : **દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

જાણીતા લેખક શ્રી સુરેશ દલાલે એક સુદંર વાત કરેલ જે તમારી સાથે શેયર કરતા આનંદ થાય છે. કોઈનું બૂરૂં બોલવામાં સમય કાઢવો એના કરતાં એનું ઉજળું પાસું શું કામ ન જોવું ? કેટલાંક માણસો ખરેખર સરળ હોય છે પણ આપણે તેની સરળતાને પીછાણી શકતા નથી. જો આપણે એને સરળ માનતા હોઈએ તો વિઘ્ન સંતોષી માણસ આવીને હવનમાં હાડકાં નાખે અને કહે કે તમે જેને સરળ માનો છો એ તો વમળના વન જેવો છે. ખરેખર તો આપણે નિંદાથી સાવધાન રહેવું જોઈએ.

ઉપર જણાવેલ વિચારોના સંદર્ભમાં, આ અંકના વિવિધા કોલમમાં બે લેખો છે તે જરૂરથી વાંચશો. **નિયાપોમાં છાપવા જે મેટરો કે જાહેર ખબરો આપ મોકલાવતા હો તે સમયસર મહિનાની આખર સુધીમાં જરૂરથી મોકલવા વિનંતી કે જેથી નિયાપો સમયસર બહાર પાડી શકાય. આપના સંપૂર્ણ સહકારની અપેક્ષા રાખીએ છીએ.**

## માવજત સમિતિ

સંચાલકઃ **કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**
સહસંચાલકઃ **અમૃતલાલ દામજી વોરા ૯૪૪૧૦ ૭૭૨૮૧**

★ **Mediclaim Insurance :** નવા રૂલ મુજબ, મેડીક્લેમનું પેમેન્ટ પેશન્ટના બેન્ક ખાતામાં ડાયરેક્ટલી કંપની જમા કરે છે. આ માટેનો વિગતવાર કવરીંગ લેટર મોકલાવવો જોઈએ. આ કવરીંગ લેટર ન મળતા, ક્લેમ રકમમાં કાપ કુપ થઈ હોય તો ખબર નથી પડતી અને મતભેદ થાય છે. જેથી આવા પ્રસંગે કવરીંગ લેટર ન મળતા તુરંત એજન્ટને જાણ કરવી જરૂરી છે.
મેડીક્લેમ ઈન્સુરન્સ બારામાં કોઈ સભ્યને પુરી જાણકારી હોય અને કામ કરવા ઈચ્છતા હોય તો જરૂરથી સંચાલકનો સંપર્ક કરવા વિનંતી.

★ **Physiotherapy Clinic :** કારણોવશાત મે - ૨૦૧૫ થી આ ક્લિનીક બંધ કરવામાં આવે છે. જેની નોંધ લેશો.

## આવાસ ગૃહ સમિતિ

સંચાલક : **લહેરચંદ ટોકરશી લોડાયા**
**૯૨૪૬૫ ૩૧૦૬૬**

**ચૈતન્યપુરી સ્થિત આવાસ ગૃહમાં એક ફ્લેટ ખાલી થયેલ છે. એ માટે ઓછી આવક ધરાવનાર કચ્છી મિત્ર મંડળના સભ્ય પરિવારને ફ્લેટની જરૂર હોય તો તેઓએ કચ્છીભવનની ઓફિસમાં અરજી આપવા વિનંતી.**

## SHIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
Cell No : 9848129772

WEF 1st Dec 2014 KMM Shikshan Samiti has launched **Educational Loan Scheme**. Interest free loan upto Rs. 1,00,000/- (Rupees one lakh only) would be provided to needy stundents for pursuing post graduation studies in recognized universities in India and Abroad. Parents of the Students wishing to avail this scheme can approach KMM Office for details.

Scholarship Grant for higher education for a meritorious student going in for post graduation from the new Academic Year 2015-2016 has been initiated. The Scholarship amount will be the First year fees or Rs. 50,000/- (Rupees fifty thousand) whichever is minimum.

The student will be selected on the following criteria.

1) Selection will be based purely on Merit with Highest marks in graduation.
2) Applicant should have completed his/her graduation with minimum 85.5% or 9CGPA.
3) Applicant should submit the following documents along with the application letter mentioning KMM membership number of the Parent.
   a) Passport size Photograph.
   b) Photo copies of Mark sheets of Xth, Inter or 12th and Degree all semesters.
   c) Certificates of Extra - Curricular Activity, if any, in Sports or Arts.




*Jamnagar Famous Kachori*
*500 gms. Gift Pack*



SHREE
**Neminath**
SWEET & FARSHAN

શ્રી
નેમિનાથ
સ્વીટ એન્ડ ફરસાણ

**Jalaram Namkeen**
Near Ganesh Temple,
Kutbiguda,
Hyderabad

**Galaxy Foods**
Vijayalaxmi Apartments
FlatNo.501, Near Jain Temple
Kachiguda, Hyderabad
**Ph : 9246114605**

(જા.ખ.)

# Handwriting Correction & Improvement

**Does your child's handwriting reveal trouble ?**

- **Improve your child's handwriting in a scientific way.**
- **Discover how to raise your child's self-confidence by changing first few letters.**
- **improve speed of your writing.**
- **Improve grades and study skills.**
- **Improve grades and study skills.**
- **Improve memory and Concentration**

**For further details : PAYAL KARANI - 88855 40050**

(જા.ખ.)

## બહેનો માટે ખુશખબર.....

## EAR LOBE REPAIR & EAR PIERCING

કાનના છેદ મોટા થઈ ગયા હોય તો વગર ટાંકે પુરી દેવામાં આવશે અને
કાન વીંધી આપવામાં આવશે.

(જા.ખ.)

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
હરિલાલ ભીમશી સાવલા

આવેલ દાનની વિગત :

| દાતાઓના નામ | આશ્રમ રૂ. | ગૌશાલા રૂ. | ડાયાલીસીસ (એક ના રૂ.૫૦૦લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | ગૌ-ઘાસ | જીવદયા |
|---|---|---|---|---|---|---|---|
| શ્રી પ્રવીણચંદ્ર કારાણી | ૫૦૦ | - | - | - | - | - | - |
| વિજય દયારામ ભાનુશાલી | ૫૦૦ | ૧૦૦૦ | - | - | - | - | - |
| ભરત સામજી છેડા | ૧૦૦૦ | ૧૦૦૦ | ૫ | - | - | - | - |
| તેજરાજ હેમરાજ જૈન | ૫૧૦૦ | ૫૧૦૦ | ૧૦ | ૫૧૦૦ | - | - | - |
| ડીમ્પી નિતીન ગાલા | - | ૫૦૦ | - | - | - | - | |
| જેહાન મેહુલ હરીયા | - | ૫૦૦ | - | - | - | - | - |
| ભરત સાવલા | - | ૧૦૦૦ | - | - | - | - | - |
| અનય અમિત વાજપાઈ | - | ૫૦૦ | - | - | - | - | - |
| પાનબાઈ રવજી વોરા<br>હઃ નિતીન ગાલા | - | ૫૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી જયલક્ષ્મી શાંતિલાલ મારૂ | - | - | ૨ | - | - | - | - |
| શ્રીમતી કલ્પના ડી. મહેતા | - | - | ૧ | - | - | - | - |
| શ્રી દિલીપ પી. મહેતા | - | - | ૧ | - | - | - | - |
| ચી. આયુષ એમ. મહેતા | - | - | ૧ | - | - | - | - |
| ઉષ્મા એન. શાહ | - | - | ૧ | - | - | - | - |
| શ્રી પ્રફુલ્લ કે. ધરોડ | - | - | ૨ | - | - | - | - |
| નિર્મલાબેન વી. છેડા | - | - | ૧૨ | - | - | - | - |
| દમયંતીબેન દામજી વોરા | - | - | ૨ | - | - | - | - |
| નિર્મલાબેન વશનજી ગોસર | - | - | ૨ | - | - | - | - |
| હર્ષ નરેન શાહ | - | - | ૧ | - | - | - | - |
| રાહી કુરીયા | - | - | ૧ | - | - | - | - |
| કલ્પનાબેન કાંતિલાલ લોડાયા | - | - | ૨ | - | - | - | - |

ઉપરોક્ત દાન માસ ફેબ્રુઆરી તથા માર્ચ ૨૦૧૫ માં આવેલ છે. છાસ વિતરણ યોજનામાં રૂા. ૭૦૦૦ માતુશ્રી દેવકાબેન આણંદજી નાગડા તરફથી આવેલ છે.

માર્ચ માસની આખરમાં ગરમીની શરૂઆત થતાં પ્રતિ વર્ષની જેમ "માનવ સેવા સંઘ" હેઠળ છાસ વિતરણ યોજનાનું આયોજન કરેલ છે. આ છાસ યોજના આઈ.એમ.એ. હૉલ હરીદ્વાર હોટલ કોઠી ની સામે રાખવામાં આવેલ છે. જે પણ દાતાઓને આ યોજનામાં લાભ લેવો હોય તેઓ કોઈ પણ રકમ લખાવી પૂણ્યનું કાર્ય કરી શકે છે. વધુ વિગત માટે સંપર્ક શ્રી હિતેન સંઘોઈ, ફોન : ૯૮૪૯૧ ૬૪૨૨૧

મૂઠીભર અનાજ યોજના : માસ માર્ચ ૨૦૧૫ માં ચોખા કુલ્લ ૩૭૫ કીલો અને દાળ ૬૦ કીલો પ્રાપ્ત થયા છે.

## સંસ્થા સમાચાર

**શ્રી મહાકાલી ભક્તિ મંડલ, હૈદ્રાબાદ :** શ્રી મહાકાલી ભક્તિ મંડલ હૈદ્રાબાદ ના ઉપક્રમેં વૈશાખ સુદ ૮ રવિવાર ને તા. ૨૬ એપ્રીલ ૨૦૧૫ ના સાંજના ૪ થી ૬ વાગ્યા સુધી અચલ ગચ્છ અધિષ્ટાયીકા દેવી માં મહાકાલી માતાજીની ભક્તી ભાવના ગુરૂ કૃપા અતીથી ગૃહ બોગુલકુંટા હૈદ્રાબાદ મધ્યે રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકોને સમયસર પધારી ભક્તી ભાવનાનો લાભ લેવા વિનંતી. ભાવિક શ્રાવીકાઓ સાથે ભાવિક શ્રાવકપણ હાજર રહે એ અપેક્ષનીય છે.


## મહાપ્રભાવશાલી મહામાંગલિક કાર્યક્રમ

**જ્યોતિષાચાર્ય પ.પૂ. ગુરૂદેવ સર્વોદય મહારાજ સાહેબ**નો રવિવાર તા. ૧૯-૪-૨૦૧૫ ના રોજ સર્વ સંકટ મોચન, સર્વ સમૃદ્ધિ પ્રદાયિની સર્વરોગવિનાશીની મહાપ્રભાવશાલી મહામાંગલિકનો કાર્યક્રમ કુલપાકજી તીર્થ ક્ષેત્ર માં આયોજીત કરવામાં આવેલ છે.

આ માટે ચૈતન્યપુરીથી ૧ બસ તથા કાચીગુડાથી ૨ બસ શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘે વ્યવસ્થા કરેલ છે. રૂા. ૫૦ વ્યક્તિ દીઠ.

વધારે વિગત માટે સંપર્ક : **હંસકુમાર સાયલા - ૯૨૪૬૫ ૩૪૫૪૫**

(જા.ખ.)



**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

**ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.**

**નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯**

(જા.ખ.)

# TUITIONS FOR LKG TO X CLASS STUDENTS

at Flat No. 3C, Kanaka Durga Apartment, Lane Beside Venkataramana Theatre, Near Jain Temple, Kachiguda, Hyderabad-500 027.

*તમારા બાળકોના ઉજ્વલ ભવિષ્ય માટે સંપર્ક*

**TORAL RIDESH JAGIRDAR, Ph : 99592 55557, 040-66623337**

(જા.ખ.)

## શાંતિવન સમિતિ

સંચાલક : **મહેન્દ્ર દેવશી વોરા, ૯૨૪૬૧ ૮૫૬૩૧**
સહસંચાલક : **ભરત જેઠાલાલ ગાલા, ૯૩૪૮૬ ૭૭૦૯૯**

વડિલ ભાઈઓ-બ્હેનો,

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે ૫૦ વર્ષથી ઉપરના સભ્યોના આનંદ માટે સમિતિ દ્વારા નીચે મુજબના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. **તા. ૧૦-૫-૨૦૧૫ ને રવિવાર સ્થળ : કચ્છી ભવન, રામકોટ સમય : સાંજના ૬.૦૦ વાગ્યા થી**

**ગ્રુપ એ - ૫૦ થી ૬૦ વર્ષના ભાઈ-બ્હેનો માટે વિવિધ એકમિનીટ હરીફાઈઓ**

**ગ્રુપ બી - ૬૦ વર્ષ થી ઉપરના સભ્યો માટે વિવિધ હરીફાઈઓ**

કાર્યક્રમ દરમ્યાન એક વડિલ "દંપતિ" નું બહુમાન સમિતિ દ્વારા કરવામાં આવશે. સાથે સમયના અવકાશ પ્રમાણે અન્ય પરિસંવાદ કોઈ વિષય પર રહેશે.

આ કાર્યક્રમ ફક્ત ૫૦ વર્ષથી ઉપરના સભ્યો માટે છે. મંડળનો (ID Card) ઓળખ પત્ર લાવવો જરૂરી છે જેથી ગ્રુપ બનાવવામાં સુગમતા રહે. અલ્પાહારની વ્યવસ્થા છે. તો આવો સાથે મળી નિર્દોષ આનંદની પળો માણીએ.

## SHANTI PRIMARY SCHOOL

Sanchalak : **DIRGESH HIRJI NISHAR**
**93933 79797**

We have reached the bag-end of this academic year with colourful programme in its 9th Annual Day which was held on 28th February 2015.

After the Annual Day Celebration, the children were busy with their fast approaching final exams which were held from 1st April 2015 onwards. All efforts were made to ensure that the children prepare well for their Annual examination.

As we bid adie to the academic year 2014-2015, we are glad to inform you that it was a eventfull year with plethora of celebrations and remarkable activities. It has always been our endeavour to do our best and with perfection in what ever we do.

**ADMISSIONS ARE IN PROGRESS**

Wanted teachers for the coming academic year. Trained / Experienced teachers can drop their resume with photograph and copies of certificates at school's office before 1st may 2015 or at Kutchi Mitra Mandal Office.

## જીવન ચક્ર

**સગપણ નોંધ**

| | | |
|---|---|---|
| **ચિ. અમી ભરત શામજી છેડા** | **ગોધરા** | **હૈદ્રાબાદ** |
| **ચિ. પ્રતીક રાજનભાઈ હાલાની** | **અમદાવાદ** | **યુ.એસ.એ.** |

**શુભ લગ્ન**

| | | |
|---|---|---|
| **ચિ. શ્રુતિ હીતેન મણીલાલ સંઘોઈ** | **ટોડા** | **હૈદ્રાબાદ** |
| **ચિ. રોનક ઝવેરચંદ તેજરાજજી બરલોટા** | **ખારલા** | **મુંબઈ** |

# ABHA BEAUTY PARLOUR & SPA SALOON

Specialist in Bridal Mehendi & Make-up
Also Beauty Mehendi & Grooming Classes



- We undertake Hair Spa Treatment
- Galvanic Treatment
- Stone Theropy
- Body Spa
- Bridal Packages
- Foot Facial & Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

***Home service Facility is also available***
***Sunday Closed***

Now at New & Spacious Space

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*3-4-74/2, 1st Floor, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)

20 Days Medicine only Rs. 350/-

**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**

**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**

- **AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-**
- **AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-**

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

**Pick up & Drop**

# CHERIAN NATIONAL

**Motor Driving School**

**(ESTD. 1962)**

✶ CONTACT ✶

5-9-169/4, Nampally, Chapel Road,
Hyderabad **Cell : 98495 84518**

(જા.ખ.)


**स्वच्छ भारत - स्वस्थ भारत**

# વિવિધા

## આજની પેઢી "ચેતજો"

થોડા સમય પહેલાની વાત છે. મારો દિકરો ચેન્નઈ રહે છે. મારો પૌત્ર 'જીહાન' હમણાં સાત વરસનો છે. મારો પૌત્ર રોજ રાતના અચૂક મને ફોન કરે. દાદા સાથે થોડી વાતો કર્યા પછી અમારી વાતો અર્ધો - પોણો કલાક આરામથી ચાલે (એમાં કોઈ ખલેલ ન જોઈએ) દાદી-પૌત્ર નહીં પણ બે મિત્રોની જેમ અમારી વાતો ચાલે.

એક રાતે એનો ફોન આવ્યો 'દાદી આપ દાદાસે શાદી કર લો' એનો અવાજ ગંભીર હતો. મને ફાળ પડી પૂછ્યૂ શું થયું ? શું વાત છે ? પણ એની તો એકજ વાત બસ આપ દાદા સે શાદી કર લો. વારંવાર પૂછ્યા પછી કહે કે મુઝે એક બેબી ચાહિયે જો મેરે સાથ ઘર મેં રહે. હમ સાથ મેં ખેલે, ખાના ખાયે. મસ્તી કરે. મેં ક્હ્યું તારા મમ્મી પપ્પાને વાત કર તો કહે કે વો નહી સુનતે. એને એટલી ખબર હતી કે લગ્ન પછી બાળક થાય. એટલે મમ્મી પાપા નહીં માને તો દાદા દાદી તો મારી વાત માનસે જ. એની વાત સાંભળી હસવું તો દૂર પણ આંખો જરૂર છલકાઈ ગઈ કે આટલુ નાનું બાળક કેટલુ એકલાપણું મેહસૂસ કરે છે. બહાર તો ફ્રેન્ડ હોય પણ ઘરમાં કહે કે મારા જેટલુ કોઈ નથી. એને ત્યારે તો જેમ તેમ સમજાવી દીધુ પણ મારી રાત ની ઊંઘ ઉડી ગઈ.

આજની પેઢી જે એક જ બાળકમાં માને છે તેઓ આ વાતની ગહનતા સમજશે ? તમે ભલે માતાપિતાની પૂરી ફરજ સુપેરે બજાવો છો તેમાં કાંઈ કહેવાપણું ના હોય. પણ એક બાળક ઘરમાં પોતાની ઉંમરનો મિત્ર શોધે છે, જેની સાથે એ પોતાની વસ્તુઓ, લાગણીઓ શેયર કરી શકે બાળક પ્રેમ અને લાગણીથી ભરપૂર હોય છે એ ક્યારે તમે મેહસૂસ કર્યું છે ? ભલે ભાઈ કે બ્હેન જે હોય પણ તેમના સંબંધો નાનાપણથી જ મજબૂત અને અટૂટ હોય છે (તમારૂ બાળપણ યાદ કરો) જ્યારે આજનો એકલો બાળક અતડો બની જાય છે. પોતાની વસ્તુઓ પણ શેયર નથી કરતો તો લાગણીઓં ક્યાં શેયર કરશે ?

આ વાત હસવા જેવી નથી. માબાપના આશીર્વાદ કાયમ હશે પણ સાથ તો કાયમ ન રહે ને ? મોટા થયા પછી ભલે તમે દૂર દૂર રહેતા હો પણ મનમાં એક વિશ્વાસ હોય કે હું એકલો નથી, મારો ભાઈ કે બ્હેન, મારો પોતાનો કોઈ છે. ભલે દૂર રહેતા હોય. વિચારોમાં મતભેદ હોય આર્થીક અસમાનતા હોય તો પણ એકબીજાની હુંફ તો હોય જ છે.

બસ તો આ વાતને જરા ગંભીરતાથી પોતાની રીતે વિચારજો. તમે એમનું વર્તમાન તો બહુજ સારી રીતે સંભાળો છો તો ભવિષ્યનો પણ વિચાર કરજો. આર્થીક રીતે, ભણતરની રીતે ભવિષ્યનો વિચારો છો તો ભવિષ્યમાં પોતીકા વિના એકલા ન પડી જાય એ જરૂર જોજો.... **ચંદન હરીશ હરીયા**

**DEEPAK MAVJI DHAROD** **Cell : 98490 53458**

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)



**Upto 20% Discount on Medicines on M.R.P.**

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)



ગાંધીજીના સાબરમતી આશ્રમમાં એક ભાઈ રહેતા હતા. એમને કોઈને કોઈની વાતો કરવામાં મજા આવતી. એક દિવસ તે ભાગતા ભાગતા બાપુ પાસે આવ્યા અને કહ્યું, તમને ખબર છે હમણા મેં તમારા મિત્ર વિષે શું સાભળ્યું ?

એક મિનીટ, બાપુએ કહ્યું, તું શું કહેવા માંગે છે તે પહેલા મને ખુલાસો કર...

ભાઈ આશ્ચર્ય પામ્યા અને પુછ્યું ખુલાસો ? શાનો ખુલાસો ?

બાપુએ કહ્યું, ''પહેલા તું મને કહે કે જે તું મારા મિત્ર માટે કહેવા જઈ રહ્યો છે તે સાચું જ છે ?''

ના, મેં બસ હમણા જ તે જાણ્યું...

'ઠીક છે,' 'બાપુએ કહ્યું' જો તને ખબર નથી કે તેં જાણ્યું તે સાચું છે કે નહીં, તો પછી મને કહે કે મારા મિત્ર માટે તું કહેવા જઈ રહ્યો છો તે કોઈ સારી વાત છે ?

'ના, ઉલ્ટાનું તે...

બાપુએ કહ્યું' તો તું તેના વિશે કોઈ ખરાબ વાત કરવા જઈ રહ્યો છો જેની તને ખાત્રી નથી કે તે વાત સાચી છે...

'ઠીક છે, તો મને કહે કે જે વાત તું કહેવાનો છો તે વાત મને ઉપયોગી થશે ?'

ના એવું તો નથી.

**બાપુએ કહ્યું, જો ભાઈ જે વાત તું કહેવા જઈ રહ્યો છો તે તને ખબર નથી કે સાચી છે, વાત સારી પણ નથી અને મને ઉપયોગી પણ નથી, તો તારે મને કહેવાની શી જરૂરત કે મારે સાંભળવું પણ શા માટે.**

**રમેશ એમ. શાહ**

## મનુષ્ય સ્વભાવ

એક મનુષ્ય ઘરની બહાર નીકળ્યો, એણે ગુલાબને જોઈને કહ્યું. ગુલાબ તું તો સુંદર છે, પણ તારામાં એક ખામી છે કે તારામાં કાંટા ઘણા છે. થોડી દુર ગયા પછી એને કોયલ મળી. મનુષ્યે કોયલ ને કહ્યું, તારો આવાજ મીઠો છે, પણ તારામાં એક ખામી છે કે તું કાળી છો.

થોડે દુર ચાલ્યા પછી સમુદ્ર દેખાણું. મનુષ્યે સમુદ્રને કહ્યું તું છે તો બહુજ મોટો પણ તારામાં એક ખામી છે કે તૂં ખારો બહુજ છો.

ત્રણે મળીને મનુષ્યને કહ્યું, અરે મનુષ્ય તું છે તો બહુજ સારો પણ તારામાં પણ એકજ ખામી છે. માણસ ચકરાયો અને પુછ્યું મારામાં શુ કમી છે ? ત્રણે જવાબ આપ્યો તારી ખામી એ છે કે તૂં હમેશા બધાની ખામીજ જાુએ તારા પોતામાં શું ખામી છે તે પહેલા જો.

**પલ્લવી લોડાયા**



ADVERTISING - DESIGNING - PRINTING - FLEX BANNERS
COMPUTERISED HOROSCOPE, KUNDLI MATCH MAKING
IN HINDI, GUJRATI, TELUGU & ENGLISH LANGUAGE.

ADVERTISEMENTS IN LEADING
NEWS PAPERS, MEDIA PUBLICITY

Logon

(જા.ખ.)

CONTACT: RIDESH RAMESH JAGIRDAR 66780780, 98499 88999

# શુદ્ધ ઘીની ઘરમાં બનાવેલ મિઠાઈ

* પાંચ ધાન્યના (મગદરીયા) લાડુ
* ફીણીયા લાડુ
* ડ્રાયફ્રૂટ લાડુ (ઘંઉના)
* અદરખ ડ્રાયફ્રુટ લાડુ
* નાચણી (રાગી) ખજુર લાડુ
* ગોળ પાપડી
* કોકોનેટ બીસ્કીટ

• સાંગલીના ભડંગ • પૂનાનો લક્ષ્મીનારાયણ ચીવડો • શીંગદાણાની ચટણી

• સિકંદરના ખારી શીંગ • ચણા

ફાર્મા ગ્રેડ સ્પેશીયલ દવા માટેની હળદળ

(જા.ખ.)

CONTACT : PRAVIN K. CHHEDA

102, Uma Residency, Near Jineshwardam, Kachiguda, Hyderabad - 500 027

PRAVIN CHHEDA - 89857 59320 PREMILA CHHEDA - 90146 66932

NITIN GALA, Cell : 99630 10657 ।। શ્રી ।। SUNITA GALA, Cell : 94408 75034

# Sri Ridhi Sidhi Snacks & Khakras

**Specialist in : TAMOTO STICKS, SEZWAN STICKS, ALL TYPES OF SEV, GHATIYA, CHEWDA, BHAKHARWADI, MAKAI PAPDI, SOYA PAPDI.**

**All Varieties of : SADA KHAKRAS, DIET KHAKRA, MOBILE KHAKRA, SPECIAL MASALA, CHORA PHARI, RAGI & FANCY KHAKRAS SEZWAN, MANCHURIA PANI PURI, ETC.,**

ઓર્ડરથી રેગ્યુલર નીચે મુજબ આઈટમ મળશે....

બદામપુરી, કાજુપુરી, બાદામીરોટી, કાજુરોટી

(જા.ખ.)

સ્પેશીઅલ : ડ્રાઈફ્રૂટ ચીકી, શીંગ ચીકી, તીલ ચીકી, બનાના ચીપ્સ, ચીસ, ટામાટા, યલો, મરી મસાલા હાફુશની સીઝન આવી ગઈ છે. તૈયાર મળશે.

*4-1-10, Tilak Road, Flat No. C/24, Pragati Society, Opp. Wesley Church, Tilak Road, Hyd - 1.*

**BULK ORDER will be Taken, Free Home Delivery**

# પોતાની પુત્રીના લગ્ન સમયે એક પિતાનું વક્તવ્ય!

મેં વિચાર્યું હતું કે હું મારા વક્તવ્ય દરમિયાન તમોને મારી પુત્રીના 'નવા' પરિવાર તરીકે સંબોધિત કરીશ. પરંતુ મને એ અયોગ્ય લાગ્યું. કેમકે હવે તેના લગ્ન થઈ ચુક્યા છે અને હવે એક માત્ર તમો જ તેનો પરિવાર છો. સાચું કહું તો મને તેમાં કોઈ વાંધો નથી. બલ્કે હું તો ઈચ્છું છું કે તેણી હવે તમોને જ અગ્રતા આપે. આ એ સમય છે જ્યારે અમારે તેણીના જીવનમાંથી થોડું પાછળ હટી જવું જોઈએ. એ હું સ્વીકારું છું, પરંતુ સાથે તેણીને હંમેશા ખુશ રાખવા વિનંતી કરું છું.

મને ભરોસો છે કે તમે તેને હંમેશા ખુશ રાખશો અને તે કદાચ અહીં કરતા પણ ત્યાં વધારે ખુશ રહેશે. પણ એક પિતા તરીકે હું તમને ફરી ફરીને વિનવું છું કે તેને હંમેશા ખુશ રાખજો.

તે કદિ મારા માટે બોજ ન હતી. બલ્કે એ તો મારા જીવનની સાર્થકતાનું કારણ છે. મારે એને મારાથી અળગી કરવી પડે છે, કેમકે એજ કુદરતનો નિમય છે. સામાજિક નિયમો અનુસાર મારે તેને એમના પોતાના ઘરે વળાવવી પડે છે. મારા ઘરની રોશની હવેથી તમારું ઘર દીપાવશે.

હું મારી સમગ્ર દુનિયા હવેથી તમને સોંપું છું. હું મારી રાજકુમારી તમને આપુ છું. પ્લીઝ તેને રાણી બનાવીને રાખજો. મેં મારું લોહી રેડી તેને ઉછેરી છે અને હવે તેણી એકદમ યોગ્ય છે જે તમારી દુનિયા પ્રેમ, ઉષ્મા, દરકાર અને સૌન્દર્યથી પૂર્ણ કરશે. હું ઈચ્છું છું કે તેના બદલામાં તમે તેને ખુશીઓ આપજો.

જો તમને ક્યારેય એવું લાગે કે મારી દીકરી કંઈ ખોટું કરે છે તો ચોક્કસ તેણીને સજા કરશો પણ થોડા પ્રેમથી. તે એકદમ નાજુક છે. એને કંઈ ઓછું આવે તો મનાવી લેજો. એને ફક્ત તમારી થોડી દરકારની જરૂર રહેશે. જો તે ક્યારેય બીમાર પડે તો તેની કાળજી રાખજો. તમારો થોડોક પ્રેમ પણ તેના માટે દવાનું કામ કરશે. પણ જો એ પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જાય તો તેને આકરી સજા કરજો. પરંતુ તે સાથે સહાનુભૂતિ પણ દાખવશો. તે હજી એક શીખાઉ છે. તેણીને સમજવાની કોશિશ કરશો. પ્લીઝ તેને હંમેશા ખુશ રાખશો.

જો હું મહિનાઓ સુધી એનો ચહેરો ન જોઈ શકું કે દિવસો સુધી તેની સાથે વાત ન કરી શકું તો પણ કંઈ વાંધો નહીં. હું તો એક ઈચ્છું છું કે તે તમારે ત્યાં એટલી ખુશ રહે કે તે તેના પિતાનું ઘર બહુ યાદ જ ન કરે. હું હાથ જોડીને તમોને વિનવું છુ કે તેનું જીવન ખુશીઓથી ભરી દેજો.

પ્રિય જમાઈરાજ, તમને આ શબ્દો કદાચ અત્યારે બહુ અર્થપૂર્ણ નહીં લાગે, પરંતુ જો તમે એટલા નશીબદાર હશો કે ભવિષ્યમાં એક પુત્રીના પિતા બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરશો ત્યારે એની વળાવવાની વેળાએ તમારા હૃદયનો એક-એક ધબકાર કહેશે કે 'પ્લીઝ એને હંમેશા ખુશ રાખજો'.

**સંકલન - પંકજ વલ્લભજી સાવલા**

**છેડા ટ્રાવેલ્સ** **ઈનોવા, વીસ્ટા, ઈન્ડીકા, તુફાન, ટ્રાવેરા, બસ વગેરે**

**કાર ભાડેથી મેળવવા A/c. - Non A/c.**

સંપર્ક : હીરાચંદ એલ. છેડા (સુથરીવાળા) - ૯૮૭૯૩ ૫૭૨૪૬

**C/o.** સવાણી ટ્રાન્સપોર્ટ, ભીડ બજાર, ભુજ - કચ્છ.૩૭૦ ૦૦૧



(જા. પ્ર.)

HUNNY BUNNY Play School

Learning n Beyond

# SUMMER CAMP

At
HUNNY BUNNY
its not Just A
**Summer Camp**... But It's
**The Fun Camp**

Here V not Only Do Different Things, But V Also Do Things Differently...

..As Each Craft Will Be Taught In Various Stages from Introduction, Basics, Practicals to Recaps...
With Help of Professionals so its life long learning for child...

## TINY OBSERVERS
4 to 6 years

* Tap your toes (Dance)
* Clay Play (Clay Moulding)
* Learn with Fun (G.K)
* Art Attack (Craft)
* "I Play U Play" (Games)

## Little Learners
(7 to 10 Years)

"Go Green" (Gardening)
Life Skills (Cooking, Craft, Personality Developement)
Turn the wheel (Pottery)
Tap ur Toes (Dance)
"I Play U Play" (Games)

## Young Achievers (11 & Above)

- "Go Green" (Gardening)
- Life Skills ( First Aid, Mechanics, Neddle Skills, Etiquettes, Daily Needs)
- Turn the wheel (Pottery)
- Tap ur Toes (Dance)
- "In Mom's Apron"(Cooking)

Experience the fun From:

**27th April to 20th May 2015**

We are at :
3-4-512 / 28 1st Floor, Above Naari Boutique,
Barkatpura Colony, Near Garden, Barkatpura, Hyderabad-27.
**Phone : 64642425** • E-mail : hunnybunnyhyd@gmail.com

(જા.ખ.)

# પુરુષ એટલે શું ?

પુરુષો વિશે પુરુષો દ્વારા ઘણું લખાયુ છે.
પણ જ્યારે એક સ્ત્રી પુરુષ વિશે લખે ત્યારે તે
વાસ્તવિકતાની વધુ નજીક હોય છે.
પુરુષ એટલે શું ?
પુરુષ એટલે પત્થરમાં પાંગરેલી કૂંપળ
પુરુષ એટલે વજ્ર જેવી છાતી પાછળ ધબકતું કોમળ હૈયુ.
પુરુષ એટલે ટહુકાને ઝંખતુ વૃક્ષ
પુરુષ એટલે તલવારની મૂઠ પર કોતરેલું ફુલ
પુરુષ એટલે રફટફ બાઈકમાં ઝૂલતું હાર્ટશેપનું કીચેઈન
પુરુષ એટલે બંદુકનાં નાળચામાંથી છૂટતુ મોરપિછું.
પુરુષ એ નથી જે ફિલ્મો કે
ટી.વી.માં જોવા મળે છે, પુરુષ એ છે જે
રોજબરોજની ઘટમાળમાંથી આંખ સામે ઉપસી આવે છે.
પુરૂષ એમ કહે કે આજે મૂડ નથી મગજ ઠેકાણે નથી
પણ એમ ના કહે કે આજે મન ઉદાસ છે.
સ્ત્રી સાથે ઘણી વાતો શેર કરી શકતો પુરુષ
પોતાના દર્દ શેર નથઈ કરી શકતો.
સ્ત્રી પુરુષનાં ખભા પર માથું ઢાળી રડે છે.
જ્યારે પુરુષ સ્ત્રીનાં ખોળામાં માથુ
છૂપાવી રડે છે.
જેમ દુનિયાભર ની સ્ત્રીઓને
પોતાના પુરુષનાં શર્ટમાં બટન
ટાંકવામાં રોમાંચ થાય છે,
એ જ વખતે એ સ્ત્રીને ગળે
લગાડી લેવાનો રોમાંચ પુરુષોને પણ થતો હોય છે.
હજારો કામકાજથી ઘેરાયેલી સ્ત્રી જ્યારે
પુરુષને વાળમાં હાથ ફેરવી જગાડે છે ત્યારે
પુરુષનો દિવસ સુધરી જાય છે.
જીતવા માટે જ જન્મેલો પુરુષ પ્રેમ પાસે
હારી જાય છે.
અને જ્યારે એ જ પ્રેમ એને છોડી જાય ત્યારે તે
મૂળ સોતો ઉખડી જાય છે.
સ્ત્રી સાથે સમજણથી છૂટો પડતો પુરુષ
તેનો મિત્ર બનીને રહી શકે
પણ-બેવફાઈથી ત્યજાયેલો પુરુષ કચકચાવીને
દુશ્મની નિભાવે છે.
ધંધામાં કરોડોની નુકશાની ખમી જાતો પુરુષ
ભાગીદારનો દગો ખમી નથઈ શકતો.
સમર્પણ એ સ્ત્રીનો અને સ્વીકાર એ
પુરુષનો સ્વભાવ છે.
પણ પુરુષ જેને સમર્પિત થાય એનો સાત જન્મ
સુધી સાથ છોડતો નથી.
પુરુષ માટે પ્રેમનાં સુંવાળા માર્ગ પર
લપસી જવું એ એક થ્રીલ છે અને સહજ પણ છે,
પરંતુ એની જ સ્ત્રી માટે તે બ્લેકઝોન છે
જ્યાંથી પાછી ફરેલી સ્ત્રીને એ
ચાહી શકતો નથી.
પરણવું અને પ્રેમ કરવો એ સ્ત્રી માટે એક વાત હોઈ
શકે, પુરુષ માટે નહીં
એક જ પથારીમાં અડોઅડ સૂતા બે
શરિરો વચ્ચેની અદશ્ય દિવાલ નીચે પુરુષ
ગુંગળાતો રહે છે પણ ફરિયાદ કરતો નથી.
પુરુષને સમાધાન ગમે છે. પણ જો એ સામે
પક્ષેથી થતુ હોય તો ગમેતેવો જૂઠો,
લબાડ, ચોર, લંપટ, દગાખોર પુરુષ પણ
પોતાના પરિવાર સાથે સરળ સદ્‌ગૃહસ્થ જ હોય છે.
સ્ત્રી નું રુદન ફેસબૂકની દિવાલને ભિંજવતું હોય
છે પણ પુરુષનું રુદન એનાં ઓશિકાની કોરને પણ
પલાળતુ નથી...!!!
કહેવાય છે કે સ્ત્રીને
ચાહતા રહો સમજવાની જરૂર નથી
હું કહુ છું પુરુષને બસ... સમજી લો... આપોઆપ
ચાહવા લાગશો...

સંકલન : **હર્ષદ ધરોડ**


પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 022-29674007/8/09



# ITS A QUIZ TIME
..?! ..?! ..?! ..?!

Ramesh M. Shah
M : 94409 96652

**Answer to the last month's quiz**

A) 27 Kg

B) NOTABLE

**The persons who have given correct answers for both the quiz :-**

Bhavika Vora, Bhoomika L. Savla, Bharati K. Dharod, Dhrupti Himesh Kumar Dothia, Gaurav Nalin Shah, Hatvee Ravee Gosar, Jai Jitendra Parekh, Jainam Gosar, Krina Shah, Kalpana D. Mehta, Kinjal Mehta, Maitree Momaya, Meet Chetan Gala, Nita D. Malde, Ridhi Chawda, Rashmi Rajesh Lodaya, Rupal Savla, Snehal Himanshu Gosar, Surabhi Chandrakant Gala, Sejal Shah, Veena Gosar, Vipul Savla, Urvi H. Dedhia, Surabhi Viral Gala, Jyoti Laxmichand Nagda.

**Persons who have given One correct Answer : -**

Ashmita R. Vora, Kiran Rana, Sidhant Momaya, Vansh Gosar, Dhairya Boricha.



पेट में गैस बनने या पेट फूलने पर थोड़ी सी हींग को गर्म पानी में घोलकर लेप बना लें तथा इसमें रुई भिगोकर नाभि पर रख दें। ऐसा करने से पेट फूलने में शीघ्र ही राहत मिलती है।

## Quiz of the Month

**Guess the original Hindi songs from the following english wordings. Let us see who is well versed in Hindi Songs :**

1) Oh, this night, this season, along the river bank, this playful wind.
2) Day is about to end, twilight is on the way, let me go, I have to go...
3) I have forgotten my parents place as my beloved's house is lovely. Someone please inform my maternal abode about the same.
4) What happened to your promise, that vow, that belief ? The day my heart forgets you it will be the last day of my life.
5) Now that you have stolen my heart, don't steal my glance. You have changed my life but don't change yourself dear.
6) Every socond, this life changes itself, sometimes there is shade.
7) Shall I tell you or shall I keep quiet about the condition of my heart.
8) Listen sir, the tune of love, I have a chosen you, now you too do the same.
9) I want to tell you for the first time : you have brought love, love, love into my life.
10) Who is the one coming in my dreams ? who is the one entering my heart ? See the sky is also bowing. My love has thus blossomed.



FOR ALL YOUR COMPUTER WORK
- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

**ફ્લેટ વેંચવાનો છે...** 3 BHK Flat, Ground Floor, Hanuman Tekdi, Hyderabad. સારી ગુજરાતી વસ્તીમાં વેંચવાનો છે. (ફક્ત શાકાહારી માટે) ગુજરાતીયો માટે... **સંપર્ક : સુરેન્દ્ર પરીખ, ૯૩૯૪૭ ૩૩૨૩૩**

CONTACT BETWEEN 11.00 AM TO 2.00 PM ONLY (જા.ખ.)

## "MIND POWER"

Age group
6 - 15 yrs &
16 yrs and above
for further
details

**Minds are lile Flowers, they only open when the time is right !!**
So, the right time is here
to open our mind through "Mind Power"
make your dreams come true
& "Achieve Sucess in Life".

**CONTACT : RAJSHREE VORA - 93933 09181** (જા.ખ.)

## ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ... ટિફિન ટ્રીટ...

એકદમ ગરમાગરમ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન થેપલા, જુવાર તથા બાજરાના રોટલા પણ મળશે. ભોજન સંબંધી કોઈ પણ પ્રકારના નાના ઓર્ડર માટે સંપર્ક કરો. ઘરે બેઠાં - બેઠાં ટિફિન મંગાવો અને જમવાનો આનંદ લો...

**સંપર્ક : પુષ્પા હસમુખ ગાલા, ૯૨૯૦૪ ૪૩૩૬૪, ૯૨૪૭૧ ૩૮૯૫૫** (જા.ખ.)

For Any Electrical & Electronic Fittings........

## DHRUV ELECTRICAL & ELECTRONICS

*Dealers in : All Electricals & Electronics Items*

(Fans, Tube Light, CFL, LED Bulbs, Wire, PVC Pipe, Iron, Immersion Heater & All Electricals Accessories), (Hair Trimmer, Hair Drier, Mosquito Bat, Emergency Light, Torch, Extention Box & Serial Lighting) &

We have Electrician Facility also.

Contact : 4-3-269/1, Giriraj Lane, Sultan Bazar, Kothi, Hyderabad. Ph : 65554402
Mukesh M. Shah - 95337 72307, Narayan M. Shah - 93915 32938 (જા.ખ.)

**CA. DIPTI CHHEDA'S**

# CONCEPT CLASSES

## CA - CPT / IPCC

### Special Batch for CPT Maths

**Booster Test Series Starting from 11th April**

- Income Tax Update & Revision Class on 15th April via Projector
- Special formulae Notes on Quantitative Aptitude.
- Flow chart notes for Accounting Standards.
- Printed notes in work book form for every subject.
- Booster revision classes & Booster test series before exam.
- Special 1 day revision class on projector before examination.
- Chapter wise weekly class test with Suggested answers & detailed feedback.
- Special Classes for Inter Students (Accounts & Maths)
- Only 30 students per batch.
- AC Classroom.
- Library facility available.
- Reading room facility available.

**For Details Contact : Ph : 90309 19237, 92465 39616**

## *LOOKING FOR AN ACCOUNTANT ??*

***Part / Fulltime Accounting Solutions***
***Inventory / Payroll / Statutory Matters***

***E-Commerce Advisory Services***
***Temp. Staffing, Business Advice, E-Filing, ERP***

***Contact : ALOK DAGA Ph : 9573657890***

(જા.ખ.)

***Spend more time running your business & less time managing your books.***



શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ

# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. ફોન : ૦૪૦-૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫
સંચાલક : હંસકુમાર રાયચંદ સાયલા ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫, પ્રચાર સંયોજક : રિદ્ધીશ રમેશ જાગીરદાર

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર. સાથે સાથે દર મહિનાના ત્રીજા રવિવારે શ્રી મેડચલ તીર્થ યાત્રાનો આયોજન થાય છે. જેનો નકરો વ્યક્તી દિઠ રૂા. ૫૦/- માત્ર છે. તથા બસના લાભાર્થીનો નકરો રૂા. ૫૧૦૦/- છે. અનુકુળતાએ નવગ્રહ મંદીરનો પણ આયોજન થશે. જેની સમય સમયપર જાહેરાત કરવામાં આવશે. ઑગસ્ટ ૧૫ તથા ૧૬ ૨૦૧૫ ના આયોજીત શ્રી પેદ્દતુમ્બલમ તીર્થ યાત્રાનો પણ લાભ લેવા હાર્દીક નિમંત્રણ છે.

"પાલીતાણા, ગીરનાર, કચ્છ પંચતીર્થ યાત્રા"

પાલીતાણા, ગીરનાર, કચ્છ પંચતીર્થ યાત્રાનો ભવ્યાતી ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. જેમાં કલીકુંડ, તગડી, અયોધ્યા, પાલીતાણા, ડેમ, અજારા, સોમનાથ પાટણ, સોમનાથ જ્યોતીર્લીંગ જુનાગઢ ભદ્રેશવર, વાકી, બઉતેર જીનાલય. દેઢીયા, સુથરી, કાઠોરા, જખૌ, નલીયા, તેરા શંખેશ્વર, મહેસાણા મહુડી બીજાપુર આવા એકન અનેક તીર્થ ક્ષેત્રની સ્પર્ષના કરાવામાં આવશે. જેના માટે નકરો રૂા. ૧૩૦૦૦/- રાખવામાં આવેલ છે. શુભ પ્રસ્થાન માગસર સુદ ૧ શુક્રવાર ને તા. ૧૧ ડિસેમ્બર ૨૦૧૫ સીકંદરાબાદ થી રહેશે તથા માગસર સુદ ૧૨ મંગલવાર ને તા. ૨૨ ડિસેમ્બર ૨૦૧૫ ના સીકંદ્રાબાદ પાછા કરશું. નામો લખાવવાની છેલ્લી તા. આષાઢ સુદ પૂનમ શુક્રવારને તા. ૩૧ જુલાઇ ૨૦૧૫ રાખવામાં આવેલ છે. છેલ્લી તારીખની રાહ ન જોતા તુરંત નામ નોંધાવવા વિનંતી. જેથી વ્યવસ્થા જાળવવામાં સુગમતા રહે.

યાત્રામાં જોડાઈ તીર્થ યાત્રાનું લાભ ન લઈ શકનાર ભાવિકોને વિનંતી છે કે પોતા તરફથી યાત્રાળુ સ્પોન્સર કરી વધારે થી વધારે ભાવિકોને યાત્રાનો લાભ અપાવશો જી-યાત્રા સ્પોન્સર માટે નકરો રૂા. ૧૧,૧૧૧/- રાખવામાં આવેલ છે. આપશ્રી કોઈ પણ બહાને યાત્રાનો મહત્વનો ભાગ બનવા વિવિધ યોજનાઓનો પણ આયોજન કરવામાં આવેલ છે.

| | | | |
|---|---|---|---|
| મુખ્ય સંઘપતી દાતાનો નકરો | રૂા. | ૫,૫૫,૫૫૫/- | |
| આધાર સોજા દાતાનો નકરો | રૂા. | ૧,૧૧,૧૧૧/- | |
| યાત્રા દરમ્યાન બપોરનું સ્વામીવાત્સલ્ય | રૂા. | ૩૧૦૦૦/- | (૧૨ દિવસ) |
| યાત્રા દરમ્યાન સાંજનો ચોવિહાર | રૂા. | ૨૧,૦૦૦/- | (૧૨ દિવસ) |
| યાત્રા દરમ્યાન સવારની નવકારશી | રૂા. | ૧૧,૦૦૦/- | (૧૨ દિવસ) |

યાત્રાની અદ્વીતીય સફલતા માટે આજથીજ નવકાર મહામંત્રનો અખંડ જાપ શુરૂ કરશોજી.

સર્વ સાધારણ ફંડના વૃદ્ધી માટે રૂા. ૧૧૧૧/- નું સંકલ્પ અનુદાન પત્ર લઈ આપણા પરિવારનું શુભ પ્રસંગ ઉજવી શકો છો. અથવા આપણા પ્રિય વ્યક્તીના યાદગીરી રૂપે આ સંકલ્પ અનુદાન પત્ર લઈ પુણ્યાર્જન કરી શકો છે. સંકલ્પ અનુદાનની રકમ ફીક્સ ડપોઝીટ માં રાખી એના વ્યાજ માં થી સર્વ સાધારણ નિભાવ ખર્ચ કરવામાં આવે છે. જીવદયા, ગરીબ ભોજન, ધાર્મિક પાઠશાલાઓને પ્રોત્સાહન એવા એક ને અનેક સત્કૃત્યના પુણ્યના ભાગીદાર થવા સુંદર તક જતી કરના નહી.

**"VISON 2020"** : સાલ ૨૦૨૦ સુધી શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘનાં અત્યાધુનીક ભવન ઉભો થશે. જેમા ભોજન શાલા, પાઠશાલા, વાચનાલય ઉપાશ્રય એવી એકન અનેક પ્રવૃત્તીઓ પૂર જોષમાં ચાલુ થશે. આપનો યોગદાન આ સપનો સાકાર કરવા મદદ રૂપ થશે.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

## માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર (જા.ખ.)